# ભિલોડા તાલુકામાં ભાદરવા માસ દરમિયાન મેઘરાજાની જમાવટ

## સાર્વત્રીક મેઘ મહેર દરમિયાન હાથમતી નદી, બુઢેલી નદી અને ઈન્દ્રાસી નદી વહેતી થઈ માંકરોડામાં નિવૃત્ત આર્મીમેન પર વીજળી ત્રાટકતાં ઘટના સ્થળે કરૂણ મોત નિપજ્યું

ભિલોડા,તા.૬

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકામાં ભાદરવા માસ દરમ્યાન મેઘરાજાની જમાવટ દરમ્યાન અસહ્ય બાફ અને ઉકળાટભર્યા માહોલ વચ્ચે વીજળીના કડાકા-ભડાકા અને ભારે મેઘ ગર્જના સાથે સાર્વત્રીક મેઘ મહેર દરમ્યાન હાથમતી નદી,બુઢેલી નદી અને ઈન્દ્રાસી નદી પુનઃ વહેતી થઈ હતી. માંકરોડા ગામમાં સીમ વિસ્તારમાં નિવૃત્ત આર્મી મેન પર વીજળી ત્રાટકતાં ઘટના સ્થળે કરૂણ મોત નિપજતા પરીવારજનો અને સગાં-સબંધીઓ હૈયાફાટ રૂદન કરતા હતા.

સુરેશભાઈ થાવરાજી ગામેતી(આશરે ઉંમર વર્ષ-૫૦) બકરા ચરાવવા માટે સીમ વિસ્તારમાં ગયા હોઈ તે



દરમ્યાન વીજળી ત્રાટકતાં તેઓનું ઘટના સ્થળે કરૂણ મોત નિપજતા લોકોના ટોળે-ટોળા એકત્રીત થઈ ગયા હતા. મૃતદેહ કોટેઝ હોસ્પિટલમાં પી.એમ. અર્થે ખસેડાયો હતો. નિવૃત્ત આર્મી મેનના પત્ની,ત્રણ પુત્રીઓ, એક પુત્ર અને પરીવારના મોભીનું એકાએક કરૂણ મોત નિપજતા પરીવારજનો હૈયાફાટ રૂદન કરતા હતા.

સાર્વત્રીક મેઘ મહેર દરમ્યાન તળાવો, ચેકડેમો, વાંઘાઓ, કોતરો અને ખાડા-ખાબોચીયાઓમાં વરસાદી પાણી ભરાયા હતા. આકાશમાં કાળા ડિબાંગ વાદળો ઘેરાયેલા રહેતા મેઘરાજાએ ધબધબાટી બોલાવતા ઠેર-ઠેર નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ફરી વળ્યા હતા.સાર્વત્રીક વરસાદ દરમ્યાન ઠેર-ઠેર ખેતરોમાં વરસાદી પાણી ભરાયા હતા. ખેડુતોમાં અત્ર-તત્ર-સર્વત્ર આનંદની લાગણી પ્રસરી છે. અસહ્ય બાફ અને ઉકળાટભર્યા માહોલ વચ્ચે વાતાવરણમાં સાર્વત્રીક મેઘ મહેર દરમ્યાન આહ્લાદક ઠંડક પ્રસરી હતી.

# ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલે શરૂ કર્યો નવો ટ્રેન્ડ..!!

## ફોટો પડાવો અને ફ્રેમ સાથે ફ્રી લઇ જાવ, કોરોના કાળમાં જોખમી ટ્રેન્ડ છતાં કાર્યકરોમાં પડાપડી

કોઈ નેતા જ્યારે પક્ષનો મોટો હોદ્દો ગ્રહણ કરે છે ત્યારે પુરાગમી કરતા કંઈક વિશેષ છે તેવુ પ્રદર્શીત કરવા નવી શરૂઆત કરે છે. ભાજપના નવ નિયુક્ત પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલે પણ પક્ષના મોટા નેતા સાથે ફોટો પડાવવાનો એક ઉત્સાહ હોય છે. આ ઉત્સાહને હાલના વડાપ્રધાન મોદીએ આવકારી ભાજપના નેતાઓ અને કાર્યકર્તાઓ સાથે સેલ્ફીનો ટ્રેન્ડ શરૂ કર્યો હતો.



આવો જ એક ટ્રેન્ડ શરૂ કર્યો છે. પ્રદેશ પ્રમુખે શરૂ કરેલ ફોટો વીથ ફ્રેમ ટ્રેંડમાં ભાજપના સ્થાનિક અગ્રણીઓ અને કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. જોકે કોરોનાની મહામારી ગુજરાતમાં વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે ત્યારે આ ફોટો વીથ ફ્રેમ ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલ અને ભાજપના કાર્યકારો માટે જોખમી પુરવાર થઈ શકે છે.

સામાન્ય રીતે કોઈ પક્ષના કાર્યકર્તાઓ માટે જોકે વડાપ્રધાન મોદી સેલ્ફીને અમર બનવાવા માટે તેને ડેવલપ કરી ફ્રેમમાં મઢાવી પડે છે પરંતુ સી.આર. પાટીલે એક કદમ આગળ કાર્યકર્તાઓને આ બધી ઝંઝટમાંથી મુક્તી આપી છે. કાર્યકર્તાઓ જ્યારે અભિવાદન કરવા સ્ટેજ પર આવે ત્યારે તેના લાઈવ ફુટેજ બહાર બેઠલ ફોટો ડેવલપરના લેપટોપમાં સેવ થઈ જાય અને ત્યારબાદ જેનો ફોટો હોય તે આવી પોતાનો ફોટો ફ્રેમ સાથે પ્રદેશ પ્રમુખ તરફથી મળેલ ભેટ સ્વરૂપે નિઃશુલ્ક લઈ શકે છે.

# તલોદમાં શાકભાજીના ભાવ આસમાને પહોંચતા ગૃહિણીઓનું બજેટ ખોરવાયું

તલોદ, તા. ૬

સમગ્ર દુનિયા અને દેશભરમાં કોરોનાના કહેરથી નાના-મોટા તમામ ધંધાર્થીઓનો આર્થિક સ્થિતિ વિકટ બની છે. ગરીબ, મધ્યમ અને ઈતર કોમની સતત લોકડાઉનથી કમર તુટી જવા પામી છે. ઘર-ગથ્થું ચલાવનાર હોમ મિનિસ્ટરોના બજેટમાં ૧૫૦નું ૧ કિ.ગ્રા.નો ભાવ, મેથી ૧૦૦ ની ૧ કિલો, રિંગણ ૧૨૦ની ૧ કિલો આમ તમામ શાકભાજી ૧૦૦ થી વધારે રકમ એટલે કે બમણી કે ત્રણ ઘણા ભાવો ઊંચકાતા રોજેરોજની શાકભાજીની ખરીદી કરવાની ફરજ પડી રહી છે. કરકસરથી ચલાવતી બહેનો ૨૦ થી ૨૫



મોટુ નુકશાન થતા પોત પોતાના પતિદેવોથી ખિજાયેલી હાલતમાં સતત જણાતી હોય છે. દિન પ્રતિદિન જીવનજરૂરી ચિજોના ભાવો વધતા અને એમાંય વળી શાકભાજીના ભાવો એકદમ આસમાને પહોંચતા રોજીંદા આવા ખર્ચના કારણે મોટુ બજેટ ખોરવાઈ જવા પામ્યુ છે.

તલોદમાં શાકભાજીના ઊંચા ભાવોમાં બટાકાના ૧ કિ.ગ્રા. ૮૦ છે. લિલાધાણા ૧ કિ.ગ્રા.ના ૪૦૦ છે. ભિંડા ૧૦૦ના ૧ કિ.ગ્રા. અને ફુલાવર ૨૪૦ના ૧ કિલો, ગિલોડા ૮૦ ૧ કિ.ગ્રા., ચોળી ૧૦૦ ની ૧ કિલો, આદુ ૮૦ નું ૧ કિલો જ્યારે લસણ ૧૨૦નું ૧ કિલો, તુવેર જેટલી શાકલારીઓ પર ભાવતાલ પુછપરછ કરતા નજરે પડી રહી છે. અને શાકભાજીના ભાવતાલ પર સરકારનું નિયંત્રણ હોવાનું જરૂરી પણ ઉચ્ચારી રહી છે.

તલોદની કેટલીક ગૃહિણીઓ બાંધેલી આવકમાંથી માસિક પુરૂ કરવા આવા શાકમાર્કેટમાં ભાવતાલ માટે કકળાટ પણ કરે છે. શાકભાજી પર મફત મળતા ધાણા-મરચા અને ટામેટા એનો શાકભાજી કરતા પણ વધારે મોઘુ હોવાનું માલુમ પડ્યુ છે. આમ શાકભાજીના ભાવતાલ ઘણા જ આસમાને પહોંચતા ગૃહિણીઓના બચત પર માઠી અસર જોવા મળી રહી છે.

# લાયન્સ ક્લબના હોદ્દેદારોને સન્માનિત કરાયા

## મોડાસા લાયન્સ ક્લબે કોરોના વોરિયર્સ તરીકેની નોંધ લાયન્સ ઈન્ટરનેશનલે લીધી

મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં સેવાકીય કાર્યોમાં અગ્રેસર રહેતી મોડાસા લાયન્સ ક્લબ દ્વારા લોકડાઉનના સમયમાં કોરોના વોરિયર્સ તરીકે ફરજ બજાવી હતી. દિવ્યાંગ શાળા, આઈટીઆઈ, લીઓ પોલીસ ચોકી, લિયો પીકઅપ સ્ટેન્ડ જેવા પર્મેનેન્ટ પ્રોજેક્ટ ધરાવતી મોડાસા લાયન્સ ક્લબના પૂર્વ ચેરમેન અને ૧૯૯૯થી કેબિનેટમાં ચેરમેન તરીકે સેવા આપતા કમલેશ પટેલના માર્ગદર્શન



હેઠળ મોડાસા લાયન્સ ક્લ્બ સેવાકીય કાર્યોમાં અગ્રેસર રહી છે. કોરોનાની મહામારીમાં મોડાસા લાયન્સના પ્રમુખ નવીન રામાણી, પ્રવીણ પરમાર, પરેશ શાહ, સુરેશ પટેલ, ભાવેશ જયસ્વાલ, ખજાનચી જય અમીન અને લાયન્સ ક્લબના હોદ્દેદારો અને સદસ્યોએ જીલ્લામાં કોરોના જનજાગૃતિ રથ ફેરવી જનજાગૃતિ ફેલાવાની સાથે માસ્ક અને સૅનેટાઈઝનું વિનામૂલ્યે વિતરણ કર્યુ હતું જેની નોંધ લાયન્સ ઈન્ટરનેશનલમાં લેવાઈ હતી અને મોડાસા લાયન્સ ક્લબના કોરોના વોરિયર્સને એવોર્ડથી સન્માનિત કરવામાં આવતા મોડાસાના નગરજનોએ અભિનંદન પાઠવ્યા હતા.

# અરૂણાચલપ્રદેશમાં સીમા સુરક્ષા બળમાં ફરજ બજાવતા જવાનનું હૃદયરોગના હુમલાથી અવસાન

ભારત દેશના અરૂણાચલપ્રદેશમાં સીમા સુરક્ષા બળમાં માં ભોમની રક્ષા કરવા માટે ફરજ બજાવતા ૩૬ વર્ષીય જવાનનું હૃદયરોગના હુમલાથી મોત નિપજ્યું હતું. સાબરકાંઠા જીલ્લાના વિજયનગર તાલુકાના સરસવ ગામમાં માદરે વતનમાં જવાનનો મૃતદેહ લવાયો હતો.રાજકીય સન્માન અને સલામી આપી જવાનના અંતિમ સંસ્કાર કરાયા હતા. પરીવારજનો, સગાં-સબંધીઓ અને ગ્રામજનો હૈયાફાટ રૂદન કરતા હતા. સરસવ ગામમાં ગમગીનીનો માહોલ છવાયો હતો.સરસવ ગામના સુભાષચંદ્ર ખીમજીભાઈ ખરાડી (ઉંમર વર્ષ-૩૬) તેઓ અરૂણાચલપ્રદેશમાં સીમા સુરક્ષા બળ (બોમીડિલ્લા) ખાતેના સ્ટેટ હેડ ક્વાર્ટરમાં ફરજ બજાવતા હતા. જવાનનું હૃદય રોગના હુમલાથી મોત નિપજ્યું હતું.

# મોડાસામાં ભાજપ અધ્યક્ષ ચંદ્રકાંત આર. પાટીલે કાર્યકરોને સંબોધ્યા

મોડાસા, તા. ૬

ગુજરાત પ્રદેશ ભાજપના નવ નિયુક્ત પ્રમુખ આજે શનિવારે શિક્ષકદિને મોડાસા કોલેજ મંડળના ભામાશા હોલમાં જિલ્લાના અનેક અગ્રણીઓ તથા કાર્યકરોનો




આગામી ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને સતત એક કલાક સુધી પાઠ લઈને પક્ષને મજબુત કરવા માટે અનેક મંત્રો આપીને પાયાના કાર્યકરોને હવે સહન નહી કરવુ પડે એવી હૈયાધારણ આપીને પદાધિકારીઓ તથા અગ્રણીઓને ખોટા ભ્રમમાં ન રાચવા માટે આડકતરો ઈશારો કરીને જિલ્લાની તમામ નગરપાલિકાઓમાં ભાજપ જીતે તે માટે મતદારો વચ્ચે જઈને કામે લાગી જવા અનુરોધ કર્યો હતો. બીજી બાજુ પત્રકારોને બાઈટ આપવાની ના પાડી દેતા પત્રકારોમાં સોપો પડી ગયો હતો.

ઉત્તર ગુજરાતમાં ભાજપના પ્રદેશ પ્રમુખ ચંદ્રકાંત પાટીલની રેલીઓ અને સ્વાગત સમારંભોની ભરમાર હતી. જોકે ગઈકાલે અરવલ્લી અને સાબરકાંઠાની રેલીઓને કોરોનાને કારણે કેન્સલ કરી દેવાઈ હતી. જેમાં બાઈકરેલી, કારરેલી કરી શક્તિ પ્રદર્શન થવાનું હતું પરંતુ તે થયું નથી. જોકે પાટીલની અગાઉની રેલીઓમાં આવું બ્રહ્મજ્ઞાન કોઈને થયું ન્હોતું, જોકે દેર આયે દુરુસ્ત આયે... આખરે આ અંગે વિચારતા થયા તે પણ ઘણું હતું. અરવલ્લી અને સાબરકાંઠાની રેલીઓ કેન્સલ થઈ પરંતુ તેઓ આંતરિક બેઠકો અને મીટિંગ સહિત કેટલાક કાર્યક્રમો કરવાના હતા.આ પૈકી આજે મોડાસાના ભામાસા હોલ ખાતે એક કાર્યક્રમની પૂર્ણાહૂતી બાદ મીડિયા કર્મચારીઓ તેમનું એક સ્મોલ ઈન્ટરવ્યૂ (બાઈટ) લેવા માગતા હતા. જોકે મીડિયા સમક્ષ તેમણે બાઈટ આપવાની ચોખ્ખી ના પાડી દીધી હતી અને કહ્યું હતું કે ચા પીને જજો પણ બાઈટ નહીં મળે. જોકે તેમણે આવું કેમ કર્યું હશે તેની કોઈ સત્તાવાર માહિતી મળી શકી નથી. શું તેમણે અમસ્તા જ બાઈટની જરૂર ન લાગતા આવું કર્યું હશે કે પછી મીડિયાથી નારાજ થઈને આમ કર્યું હશે તે કહેવું મુશ્કેલ છે.

# અરવલ્લીમાં યમરાજાનો પડાવ..!! મોડાસાના આશાસ્પદ યુવાનનું અકસ્માતમાં મોત

## વીજળી પડતા ૨ લોકોના મોત, વીજકરંટથી મહિલાનું મોત, અન્ય બે અપમૃત્યુ

અરવલ્લી જીલ્લામાં બેફામ ગતિએ હંકારતા વાહનચાલકોને પગલે અકસ્માતની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. અરવલ્લી જીલ્લામાં યમરાજાએ પડાવ નાખ્યો હોય તેમ ૪૮ કલાકમાં વીજળી પડવાથી, વીજકરંટ લાગવાથી, પાણીમાં ડૂબી જવાની અને અકસ્માતમાં અપમૃત્યુની ઘટનાથી ૭ લોકો મૃત્યુચક્રનો કાળ ભરખી જતા જીલ્લામાં ભારે શોકની લાગણી ફેલાઈ છે. મોડાસાની રામપાર્ક



સોસાયટીમાં રહેતા યુવાનનું રોઝડ નજીક કાર અકસ્માતમાં મોત નિપજતા મોડાસા પંથકમાં શોકની લાગણી છવાઈ હતી.

મોડાસા શહેરની રામપાર્ક સોસાયટીમાં રહેતા અને સાબરડેરીમાં નોકરી કરતા પ્રણય સી.ચૌધરીની કારને મોડાસા-અમદાવાદ રોડ પર આવેલા રોઝડ પાસે અન્ય કાર સાથે અથડાતા બંને કારનો કડૂચાલો વળી ગયો હતો જેમાં પ્રણય ચૌધરીના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત નિપજતાં ભારે ચકચાર મચી હતી અન્ય કારમાં સવાર ત્રણ લોકોને ઈજાઓ પહોંચતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા. મોડાસાના આશાસ્પદ યુવાન પ્રણય ચૌધરીના મોતથી પરિવારજનો, ચૌધરી સમાજના અગ્રણીઓ અને મિત્ર વર્તુળ તાબડતોડ ઘટનાસ્થળે પહોંચ્યા હતા પરિવારજનો મૃતદેહ જોઈ ભાંગી પડ્યા હતા આક્રંદ કરી મુક્ત વાતાવરણમાં ગમગીની છવાઈ હતી.

રવિવારે અરવલ્લી જીલ્લામાં ગાજવીજ સાથે ભારે વરસાદ આફત લઈને આવ્યો હોય તેમ વીજળી પડતા બે લોકોના મોત નિપજતા ભારે ચકચાર મચી છે. ભિલોડાના માંકરોડાના શ્રદ્ધા બંગ્લોઝમાં રહેતા અને પશુપાલનનો વ્યવસાય કરતા નિવૃત્ત આર્મી જવાન સુરેશભાઈ થાવરાજી



ગામેતી પશુઓ ચરાવવા ગયા હતા અને વીજળી પડતા મોત નિપજતા પરિવારજનો પર આભ તૂટી પડ્યું હતું, નિવૃત્ત આર્મી જવાનની લાશને ભિલોડા કોટેજ હોસ્પિટલમાં મોકલી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. મોડાસાના નાંદીસણ ગામે ખેતરમાં બળદ બાંધવા ગયેલા જયંતીભાઈ સોમાભાઈ પગી (ઉ.વર્ષ-૨૫) પર વીજળી પડતા ખેતરમાં જ ઢળી પડતા પરિવારજનો અને લોકો ખેતરમાં દોડી ગયા હતા. વીજળી પડવાથી યુવકનું મોત નિપજતા પરિવારજનો આઘાતમાં સરી પડ્યા હતા. પોલીસે મૃતક યુવકની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ધનસુરા તાલુકાના વડાગામ, સોનાપુર નજીક આવેલી કર્વારીમાં ડુમમાં જામ થયેલા રેફાને સાફ સફાઈ કરવા જતાં ડુમનો રેફો ધરાશયી થતાં કામ કરતા ૨૯ વર્ષિય ઈસમનું મોત નિપજતાં પંથકમાં અરેરાટી વ્યાપી જવા પામી હતી. જે સંદર્ભે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. વડાગામ(સોનાપુર)નજીક આવેલી ચામુડા કર્વારીમાં રેફાના ડુમમાં જામ થયેલા રેફાની સાફ સફાઈ કરતા બુટાલ ગામનો ૨૯ વર્ષિય ઈસમ ડુમમાં રેફો ધરાશાયી થતાં ઈસમનું મોત



નિપજયું હતું. જે ઘટના સંદર્ભે મૃતક ૨૯ વર્ષીય સુનીલના પિતા જશુભાઈ ધુળાભાઈ પરમાર રહે.બુટાલઓએ ધનસુરા પોલીસ સ્ટેશને આપેલી ફરીયાદ મુજબ તેમનો દીકરો સુનીલ (ઉ.વ.૨૯)નાઓ ચામુંડા કર્વારીના રેફાના ડુમમાં સાફ સફાઈની મજુરી કામ કરતા હતા. બીલવાણીયા ગામે રહેતા ગીતાબેન ઉર્ફે ભાવનાબેન કિરીટભાઈ પરમાર નામની ૪૫ વર્ષીય મહિલાનું ઘર નજીક પાણીની મોટર નજીક કામકાજ કરી રહ્યા હતા ભેજવાળી જગ્યા હોવાથી વીજપ્રવાહ ઉતરતા તેમને વીજકરંટ લાગતા મોત નીપજ્યું હતું. ધનસુરાના ખિલોડીયા ગામ નજીકથી સાસરીમાં જવાનું કહી બે દિવસ પહેલા નીકળેલ શખ્સની લાશ મળી આવતા ધનસુરા પોલીસે તાપસ હાથ ધરી હોવાની માહિતી પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત થઈ હતી.

મેઘરજ તાલુકાના પહાડીયા ગામનો ૩૫ વર્ષીય યુવક વાત્રક નદીના પાણીમાં ડુબી ગયાની આશંકાને લઈ મેઘરજ નગરનું તંત્ર બે દિવસથી સ્થાનિક તરવૈયાઓની ટીમ સાથે યુવકની શોધખોળ આદરી હતી. પરંતુ યુવકનો ક્યાંય પત્તો ન લાગતાં તંત્ર દ્વારા નદી કિનારાના ચાર કિલોમીટર સુધી નદીમાં તપાસ કરવા છતાં યુવક ક્યાંય મળી આવ્યો ન હતો.

# અંતોલી ગામે ૪ વર્ષના પુત્રનું ગળે ટૂંપો આપી હત્યા કરનાર પિતાને એલસીબીએ ગોંડલથી દબોચ્યો

અરવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકાના અંતોલી ગામના અને અમદાવાદમાં મજૂરી કરતા નૈનેશ નરસિહ નિનામા નામના શખ્સે ત્રણ ત્રણ લગ્ન કર્યા બાદ પણ સુખી સંસાર ભોગવી નહિ શકનાર યુવકે તેના જ ૪ વર્ષીય માસુમ પુત્રને કાળા દોરાથી ગળે ટૂંપો આપી ગળું દબાવી દઈ પુત્રનુ મોત નીપજ્યુ હોવાનું માની કુવા નજીક તેના ખેતરમાં નાખી દઈ રફુચક્કર થઈ જતા ભારે ચકચાર મચી હતી.



ખેતરમા બેભાન અવસ્થામાં રહેલા પૌત્રને દાદાએ જોતા જ તાબડતોડ પૌત્રને સારવાર અર્થે દવાખાને ખસેડાયો હતો. ૪ વર્ષીય પૌત્રનું મોત નિપજતા પરિવારજનોમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું હતું હત્યારો નૈનેશ ફરાર થઈ ગયો હતો. નૈનેશના પિતાએ તેમના જ હત્યાર પુત્ર વિરુદ્ધ ઈસરી પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. હત્યારા પિતાને શોધી કાઢવા એસપી સંજય ખરાતે એલસીબી પોલીસને તપાસ સોંપતા એલસીબી પોલીસે ગણતરીના દિવસોમાં હત્યારા પિતા નૈનેશ નિનામાને દબોચી લઈ જેલના સળિયા પાછળ ધકેલવા તજવીજ હાથ ધરી હતી.

અંતોલી ગામે રહેતો નૈનેશ નિનામાએ ૪ વર્ષીય પુત્રને મોતને ઘાટ ઉતારી રફુચક્કર થઈ જતા ડીવાયએસપી ભરત બસીયાના માર્ગદર્શન હેઠળ જીલ્લા એલસીબી પીઆઈ આર.કે. પરમારે હત્યાની ઘટનાને અંજામ આપી પોલીસ પકડથી બચવા ગોંડલ નાસી છૂટેલ હત્યારા નૈનેશ નિનામાને ગણતરીના કલાકોમાં દબોચી લીધો હતા અને નૈનેશ નિનામાએ બીજી પત્નીથી થયેલ ૪ વર્ષીય ધ્રુવ તેનું સંતાન ન હોવાના વ્હેમમાં હત્યા કરી હોવાનું કબુલી લીધું હતું.